અપીલ અરજી નં.૩૪૦ તા.૧૪–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ. કે. જાંગીડની તા. ૪–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સોમાકાનજીની વાડી, ખટોદરા ખાતેના પ્લોટ નં. ૩૭થી૪૫(V/S CRIMPERS) વાળી મિલ્કત પર તથા પ્લોટ નં. ૨૬ પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા. ૧૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૦/૨૦૧૧–૧૨

શ્રી રમેશ. કે.જાંગીડની તા. ૪–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સોમાકાનજીની વાડી, ખટોદરા ખાતેના પ્લોટ નં. ૩૭ થી ૪૫ (V/S CRIMPERS) વાળી મિલ્કત પર તથા પ્લોટ નં.૨૬ પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪–૧૦–૧૧ના રોજ અપીલ કરવામાં આવેલ છે. .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૮ તા.૨–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને દિન–૧૦ની વિલંબિત અપીલ અંગે વ્યાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૮–૧૧ ની અરજીથી સોમાકાનજીની વાડી, ખટોદરા ખાતેના પ્લોટ નં. ૩૭ થી ૪૫ તથા પ્લોટ નં.૨૬ પર હાલમાં તૈયાર થઈ થયેલા બાંધકામ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હોવાનું જણાવી નારાજ થઈ દિન–૧૦ ના વિલંબથી તા.૧૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં. (૧) સોમાકાનજીની વાડી, ખટોદરા ખાતેના પ્લોટ નં. ૩૭ થી ૪૫ (V/S CRIMPERS) વાળી મિલ્કત પર તથા પ્લોટ નં.૨૬ પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામો અગર વિકાસ પરવાનગી વિના થતાં હોય તો આ બાંધકામો વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૩) આ બાંધકામોનું કામ શરૂ થયા બાદ આપના વિભાગ તરફથી આ બાંધકામોના સ્થળ પર થયેલ ચકાસણીની વિગતો આપશો. આરટીઆઈ એકટની કલમ– ૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું વિલંબિત અંગે આધાર અને વાજબીપણુ ધ્યાને રાખી અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારની વિલંબિત અપીલ આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. અરજદારની મુળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈએકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. વધુમાં અરજદારને પણ દિન–૧૦ની વિલંબિત અપીલ અંગે વ્યાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદાર તરફથી પણ વિલંબિત અપીલ અંગે કોઈ આધાર કે વાજબીપણુ રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોઈ વિલંબિત અપીલ અરજીને ધ્યાને લેતાં અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી વિગતે મુળ અરજીથી માંગેલ માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,